## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧




કાયદાની છાતીએ બેસી મજલિસ મનાવે છે,
ને દારૂબંધીના કાયદાને મજાક બનાવે છે,
ભણાવે છે ઉંઠા ભોળી પ્રજાને આવા 'અમલદારો' -
ન્યાય-કાયદા-સુરક્ષા અને લોકશાહી તનાવે છે..
(કલેક્ટર કચેરીના કોઠામાં..)




કરે લગાણાં -
ભારતની લંકામાં -
મોદી-મર્કટ..
(બધા પક્ષોને લલિતની આંચ)

આ કચેરી કે -
જયાં થાય લેતી-દેતી,
જુગાર-અડ્ડો?!
(પાટનગરમાં પરાક્રમ)

### ચિંતન

**ગુરોઃ સુતાં મિત્ર ભાર્યાં સ્વામિ સેવક ગેહિનીમ્ ।**
**યો ગચ્છતિ પુમાં લોકે તમાહુ બ્રંહ્મ ધાતિનમ્ ॥**

'ગુરુની પુત્રી, મિત્રની પત્ની, પોતાના શેઠ-અધિકારી-માલિકની પત્ની અને સેવકની પત્ની સાથે જે માણસ દુરાચાર-વ્યભિચાર કરે છે તેને આ લોકમાં 'બ્રહ્મ હત્યારો' કહ્યો છે અર્થાત તેને બ્રહ્મ હત્યા જેટલું જ - જેવું જ પાપ લાગે છે.'

આજકાલ જાહેરમાં જેમ ઓછાં કપડાંનાં દૃશ્યો જનસમૂહમાં જાહેરમાં જેમ ઓછાં કપડાં તેમ વધારે સુંદર પોષાક - અને કાન્સ જેવા ફિલ્મી મહોત્સવમાં તો નગ્ન દેખાવાની જ સ્પર્ધા થાય છે. સ્ત્રી એક પૂતળી-ઢીંગલી-બની ચાવી દીધેલા રમકડાંની જેમ પુરુષની લોલુપવૃત્તિને ઇસારે આવી સ્પર્ધાનું રમકડું બને છે અને આ બધું જોઇ અવિચારી-અણસમજુ-અસંયમી લોકો પોતાની રાક્ષસીવૃત્તિ પર કાબૂ રાખી શકતા નથી પરિણામે નાનાં ગામડાંથી લઇ દિલ્હી સુધી દુરાચારનાં કેન્દ્રો ખૂલી ગયાં હોય એમ ઠેરઠેર - અપહરણો અને દુરાચાર થાય છે. આમાં પાપ પોતે પણ આંખ બંધ કરી શરમાય છે. એને 'બ્રહ્મહત્યા' નું પાપ સાથે લાગે કે વળગે? હવે જનસમાજ આ વાતાવરણમાં 'નિર્લજ' થઇ ગયો છે.

### સુવિચાર

- એકાદ સારું કામ કરે તે સાધુ નહિં, પણ જેના હાથે સહજ રીતે સારા કામ થયાં કરે તે સાધુ - **મનુભાઇ પંચોલી**
- તમે ઉમ્મરથી પર છો, સમય જેટલા યુવાન છો અને શાશ્વતી જેટલા સનાતન છો - **રામનારાયણ ત્રિપાઠી**
- પ્રામાણિક મતભેદ સહન ન કરી શકે તે સ્નેહ નથી, પણ સ્નેહરૂપે સત્તાનો મોહ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સરળ અને માનવીય બનવું એ જ મહત્ત્વની વાત નથી, પણ સાચા બનવું એ મહત્ત્વની વાત છે - **ખલીલ જીબ્રાન**
- ભૂખ કરતાંય ભીખ ભૂંડી છે - **પન્નાલાલ પટેલ**
- સંઘર્ષથી ભરેલી જીવનની આ ઝોળીમાં અનુભવનું ભાથું ઠીકઠીક ઉમેરાતું જાય એ જ આપણી અસલી કમાઇ છે - **ઉમાશંકર જોશી**
- જો તમે લોકોનો ન્યાય તોળ્યા કરશો તો તેમને કયારેય ચાહી નહીં શકો- **ભૂપત વડોદરિયા**

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધ કથા

'ઘણીવાર વયોવૃદ્ધ દંપત્તિ જેનાં સંતાનો વિદેશ રહેતા હોય એવાં ડોશો-ડોશી મિલ્કત સાચવવા દેશમાં રહેતા હોય છે અને એમને ત્યાં કામ કરનારો નોકર વર્ષોથી કામ કરી એમનો વિશ્વાસ સંપાદન કરી - પછી એમના સાથીદારો સાથે મળી મોટો ખેલ પાડે છે. એમાં હત્યા પણ થઇ શકે છે.'

નસીરુદ્દીન કંઇક આવા જ ઇરાદે એક વૃદ્ધ એકલા જ હતા એને ત્યાં ઘર-નોકર તરીકે કામ કરતો હતો. અગિયાર વરસ થયાં પણ કદી હાથ મારવાની તક મળી નહીં. તેથી કંટાળીને નસીરુદ્દીન શેઠ પાસે ગયો ને કહી દીધું. શેઠ, બસ હવે આપણો સંબંધ આજથી અહીં પૂરો. કાલથી હું આવવાનો નથી!

શેઠે પૂછ્યું - અરે ભલા માણસ! અગિયાર અગિયાર વરસથી તું મારે ત્યાં ઘરના માણસની જેમ રહે છે અને મને તો તારા પર સંપૂર્ણ ભરોસો અને વિશ્વાસ છે. જો ને ઘરના કબાટ અને તિજોરીની ચાવીઓ તો હું અહીં ટેબલ પર જ મૂકી રાખું છું!!

નસીરુદ્દીને ગુસ્સામાં પોત પ્રકાશ્યું. શું ધૂળ વિશ્વાસ છે? એકેય ચાવીથી કબાટ કે તિજોરી કંઇ ખૂલતું નથી!!

શેઠે હસીને કહ્યું, તો ભલે કાલથી ન આવતો..

Email - sureshchandrabhatt18@gmail.com

# અધ્યાપકો : ચોરેલાં વિવેચનો અને ડમી (ISBN) પુસ્તકો

## ચર્ચાસભા

- ડો. કનૈયાલાલ ભટ્ટ

આજકાલ સાહિત્યમાં ચોરીની ઘટનાઓ ખુબ જ વધતી જાય છે. અને આ ચોરી ખરેખર જે સાચા સાહિત્યકારો છે, વિવેચકો છે એ નથી કરતા પણ જેઓ સૂંઠને ગાંગડે ગાંધી બની ગયા છે તેઓ કરે છે. ખરેખર સાહિત્યનું સર્જન એ કોઈ ક્રિકેટની ટી૨૦ કે વન ડે મેચ નથી કે એમાં ચોગ્ગા છક્કા મારીને સચીન કે વિરાટ બની જવાય. સર્જન એ તો વર્ષોની તપસ્યાનું પરિણામ છે. વર્ષો સુધી સાધના કરવી પડે છે. જેમાં ઘણું બધું અંગતસામાજિક હોમવું પડે છે. ભોગ આપવો પડે છે. ત્યારે માંડ બે ચાર શબ્દો અવતરે છે. લખાય છે.

આજકાલ સર્જન કરતા હવે 'સંશોધન વિવેચન માં ખુબ જ ચોરી થઈ રહી છે. અમૂક અધ્યાપકોને બાદ કરતા આજે મોટાભાગના અધ્યાપકો બની બેઠેલા વિવેચકો છે. જેઓ એવું માને છે કે વિવેચન એ સર્જન નથી માટે ગમે તેનું ગમે ત્યાંથી ઉઠાવીને આપણા નામે છપાવી શકાય. ભરતમૂનિએ, મમ્મટે લોલ્લટે, જગન્નાથે કે અભિનવ ગુપ્તએ જે સાહિત્ય શા સ્ત્રના સંદર્ભે કહ્યું તે બધુ જ થોડું ઘણું બદલીને પોતાના નામે છપાવી શકાય. ખાસ કરીને કૉલેજોમાં સાહિત્યનો ઈતિહાસ, સાહિત્ય વિવેચનના સિદ્ધાંતો, ભારતીયપાશ્ચાત્ય સાહિત્ય શા સ્ત્ર, લોક સાહિત્ય, ભાષા વિજ્ઞાન કે વ્યાકરણ શાસ્ત્ર ... જેવા ગહન અભ્યાસના વિષયોમાં આજકાલ છપાતા મોટાભાગના પુસ્તકોમાં મોટે ભાગે ચોરી અને કોપી પેસ્ટ અથવા થોડોઘણો ભાષાફેર હોય છે. અને પ્રકાશકોને આવા પુસ્તકો છાપવાના પુરેપુરા રૂપિયા મળતા હોવાથી તેઓ જોયા વિના કે કોઈ વિદ્વાનોનું પરામર્શન કરાવ્યા વિના જ છાપીને આખા સાહિત્ય જગતને પરોક્ષ રીતે નુકશાન કરે છે. અને અધ્યાપકોને પુસ્તકની ૫/૧૦ નકલો આપી બાકીની નકલો સ્કૂલો, કૉલેજો કે યુનિવર્સિટીઓમાં પહોંચાડતા હોય છે. જેને કારણે વિદ્યાર્થીઓમાં પણ સાચા સાહિત્યનો ભ્રમ ઉભો થાય છે. અને બધા ગેરમાર્ગે દોરાય છે. મોટાભાગે જેઓ ૫૦/૧૦૦ કે ૫૦૦ વર્ષ પહેલા સાહિત્યશા સ્ત્રના સિદ્ધાંતો આપી ગયા, ભાષાવિજ્ઞાનો લખી ગયા કે વ્યાકરણ શા સ્ત્રો લખી ગયા કે સાહિત્ય સ્વરૂપો વિશે વિસ્તારથી વાત કરી ગયા તે બધુ જ સાહિત્ય આજે આવા બની બેઠેલા અધ્યાપક વિવેચકોના નામે બોલે છે. એ આપણી કેવી કરૂણતા કહેવાય? આની સાચી તપાસ કોણ કરશે? જેઓ ભારતીય સાહિત્યશા સ્ત્રના સાચા અભ્યાસૂ છે, સાચા વિદ્વાન છે તેઓને આવી ચોરી પકડવાનો સમય નથી અથવા ઈચ્છા નથી તેથી તેઓ મૌન રહે છે. આવા અધ્યાપકોને/વિવેચકોને કોણ ખુલ્લા કરશે?

આજે સાહિત્યમાં ખુબ જ પ્રદુષણ અરાજકતા આવી ગઈ છે. આવા અસંખ્ય અભણ અધ્યાપકો લક્ષ્મીદેવીની કૃપાથી પ્રકાશકોને અને સંપાદકોને રીઝવીને વિવેચકો બની બેઠા છે. જેમને ક્યારેક સાહિત્યિક સંસ્થાઓની પુસ્તક પ્રગટ કરવા માટે આર્થિક સહાય પણ મળી જાય છે. (આવી હસ્તપ્રતોનું પરામર્શન કરનાર વિદ્વાન પરામર્શકોની સાહિત્યિક સજ્જતા વિશે પણ પ્રશ્નો ઊભા થાય છે) અને ક્યારેક આવા ડમી સંશોધનવિવેચનના પુસ્તકોને સંશોધનવિવેચન વિભાગના પારિતોષિક પણ મળી જાય છે. આવા ચોરેલા વિવેચનીય ગ્રંથોને કારણે ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ગેરમાર્ગે દોરાય છે એમના ભાવિનું શું? આવા પુસ્તકો પ્રગટ કરતા કે કરાવતા અગાઉ સાહિત્યિક સંસ્થાઓ કે પ્રકાશકો એ વિવેચક પાસેથી મૌલિકતાનું પ્રમાણપત્ર ના માગી શકે?

આ દુષણ આમ જોઈએ તો યુ. જી. સીના નવા નિયમોને કારણે આવ્યું છે. કેમ કે યુ.જી.સી અધ્યાપકોને આટલો તગડો પગાર આપે છે તેથી લેખન સંશોધન ફરજિયાત બનાવ્યું અને તેના ગ્રેડ નક્કી કર્યા છે. જેને કારણે ગુજરાતભરના અધ્યાપકોમાં પુસ્તકો પ્રગટ કરવાની એક હોડ લાગી છે. આવા અધ્યાપકોના પુસ્તકોની મૌલિકતા અને સત્યતા કોણ તપાસશે? આવા ઘણા અધ્યાપકો સાહિત્ય જગતમાં છે કે જેમને જો ખરેખર કોઈ હોલમાં બેસાડી કોઈ એક પુસ્તકનું ત્યાં જ વિવેચન લખવાનું કહેવામાં આવે તો એક પાનું પણ લખી ના શકે અને જો લખે તો એ લખેલ પાનાની ભાષા તેમના જ પ્રગટ પુસ્તકોની ભાષા સાથે સરખાવવાથી દુધનું દુધ અને પાણીનું પાણી થઈ જઇ શકે છે. સરકારી સંસ્થાઓની આર્થિક સહાય લઈને પ્રગટ થતા આવા કેટલાય ડમી વિવેચનો આજે રળિયામણા ગ્રંથો બનીને આપણી ભાષાના ગ્રંથાલયોમાં શોભે છે. અને યુ.જી.સીની દૃષ્ટિએ અધ્યાપકોની ગુણવત્તામાં વધારો કરે છે.

વર્ષો પહેલા ગાંધીજીએ વિદ્યાપીઠ દ્વારા સાર્થ જોડણીકોશનું નિર્માણ કર્યું અને એમાં લખ્યું કે,

હવે પછી સ્વેચ્છાએ કોઈએ જોડણી કરવાનો અધિકાર નથી - તો શું ગુજરાતી કે હિન્દી ભાષામાં પુસ્તક પ્રગટ કરતા પહેલા એની મૌલિકતા કે સત્યતા તપાસવા માટે કોઈ નિયમ નહી? કોઈ બંધન નહી? લખવાનો સૌને અધિકાર છે. લખેલું છપાવવાનો પણ સૌને અધિકાર છે પરંતુ ચોરી કરીને લખવા કે છપાવવાનો અધિકાર કોઈને નથી એને કોપીરાઈટનો કાયદો લાગું પડે છે અને છ માસની જેલ પણ થઈ શકે છે.

આવા ચોરેલા વિવેચનોના પુસ્તકોની મૌલિકતા અને સત્યતાને તપાસ્યા વિના પ્રગટ કરનાર પ્રકાશકો પણ આમાં એટલા જ જવાબદાર છે. દોષી છે. પોતાના થોડા આર્થિક લાભને કારણે આખા સાહિત્ય જગતને કલંકિત કરી રહ્યા છે. ભ્રમિત કરી રહ્યા છે. સાહિત્યની પવિત્ર સૃષ્ટિને બગાડી રહ્યા છે. તેમણે પણ જાગૃત થવાની જરૂર છે.

તો વળી હમણાથી કૉલેજોમાં થઈ રહેલી અધ્યાપકોની ભરતી સંદર્ભે પણ ખુબ મોટા પ્રશ્નો સર્જાયા છે. હાલ **ISBN** નંબર વાળા પુસ્તકનો એક માર્ક ગણાતો હોવાથી આવા પણ અનેક નકલી પુસ્તકો માત્ર સરકારમાં નોંધાઈ રહ્યા છે. જેની માત્ર પાંચ દસ નકલોની પ્રિન્ટ કરાવીને, ટાઈટલની કલર પ્રિન્ટ કરાવીને બાઈન્ડિંગ કરાવી પ્રકાશકો પાસેથી બેત્રણ હજારમાં **ISBN** નંબર ખરીદી આવા પુસ્તકો પાછળ લગાવી દેવાય છે. પરંતુ આવા પુસ્તકોની ગુણવત્તાનું શું? શું એ પુસ્તકની અંદરનું જે લખાણ છે એ મૌલિક છે કે ચોરેલું એની કોણ તપાસ કરશે? આ અધ્યાપકોની ભરતી માટે તૈયાર થયેલા પુસ્તકોમાંથી મોટાભાગના ડમી પુસ્તકો હશે. જેમાં પુસ્તકના બીજા પૃષ્ઠ ઉપર પ્રત ૫૦૦ છાપીને માત્ર ૫/૧૦ નકલો જ તૈયાર કરવામાં આવી હશે. જો આની સાચી તપાસ થાય તો મોટાભાગના પુસ્તકો રદ કરવા પડે, આવા ડમી પુસ્તકોને **ISBN** નંબર આપનાર પ્રકાશકોને પણ સરકારે પૂછવું જોઈએ કે જો તમે પુસ્તકોની ૫૦૦ નકલ છાપી છે તો એની બીજી નકલો રજુ કરો અથવા એને વહેંચ્યાના બીલો રજુ કરો. આ અધ્યાપકોની ભરતીમાં એમ.ફિલ કે પીએચ.ડીના પાંચ માર્ક ગણાય છે. હવે જે થિસિસ લખીને એ ડીગ્રીના પાંચ માર્ક મેળવેલા હોય એ જ થિસિસના પાંચ પ્રકરણો જૂદા જૂદા છપાવીને પાંચ પુસ્તકો ગણાવી એના પણ પાંચ માર્ક અને એ જ થિસિસમાંથી જૂદા જૂદા પાંચ લેખો પ્રગટ કરાવી પાંચ માર્ક ગણાવવા કેટલા યોગ્ય છે? પરંતુ આજે મોટે પાયે આવું બની રહ્યું છે.

આ ઉપરાંત **ISBN** નંબર વાળા મેગેઝિનોમાં છપાયેલા એક લેખનો એક માર્ક ગણવામાં આવે છે. આવા ડમી પુસ્તકો તૈયાર કરાવનાર આવા ડમી લેખો પણ આવા મેગેઝિનોમાં ૨/૪ હજાર રૂપિયા આપીને છપાવી દે છે. એક લેખ છપાવવાના આજે બે હજારથી લઈને પાંચ હજાર સુધીનો ભાવ ચાલે છે. જેમાં લેખ મૌલિક છે કે એની સાહિત્યિક મૂલ્યતા શું છે એની કોઈ ખાત્રી કરવામાં આવતી નથી. સંપાદક એને છાપી દેતા હોય છે. આ સંદર્ભે પણ વિચારવું જોઈએ કે આવા સામયિકોની સાહિત્યિક મૂલ્યતા કેટલી? એના સંપાદકોની સાહિત્યિક સૂઝ, નિષ્ઠા કેટલી? આવા પુસ્તકોની અને લેખોની ખરાઈ કોણ કરશે? વળી કેટલા પૃષ્ઠોના પુસ્તકને પુસ્તક ગણવું? ૩૦/૪૦ કે ૫૦ પાનાનું ગમે તેવું મેટર ટાઈપ કરાવીને બાઈન્ડિંગ કરાવી દેવું એને પુસ્તક કહેવાય? શું અંદરના લખાણની કોઈ કિંમત જ નહી? આ સંદર્ભે હવે તો સંપાદનો પણ ખુબ થવા લાગ્યા છે. અને પુસ્તક પ્રકાશન માટે સંપાદન એ સૌથી સહેલો રસ્તો છે. પાંચ દસ સર્જકોની કવિતાઓ, વાર્તાઓ, નિબંધો કે નાટકો લઈ લીધા અને આગળ સંપાદકમાં પોતાનું નામ મૂકી દીધું અને પુસ્તક તૈયાર. શું આવા ડમી સંપાદનો પણ માન્ય ગણાય ખરા? આ બહું જ સૂક્ષ્મ મુદ્દો છે. સાચા અને ડમી સંપાદનો વચ્ચેનો ભેદ કરવો ખુબ જ અઘરો છે. પણ અશક્ય તો નથી જ. આ બધા નિયમોને કારણે આજે જે ખરેખર સાચા ઉમેદવારો છે, નવલેખકો અધ્યાપક બનવા થનગને છે. જેમના અગાઉ **ISBN** નંબર વિનાના પુસ્તકો પ્રગટ થયા છે. **ISBN** નંબર વિનાના પરંતુ સાહિત્યિક પ્રતિષ્ઠા ધરાવતા સામયિકોમાં સાચા વિવેચન લેખો પ્રગટ થયા છે તેવા ઉમેદવારોના ભાવિનું શું? ૧૯૯૮ થી ભરતી બંધ હતી તે શરુઆતના વર્ષોમાં પ્રગટ થયેલા પુસ્તકોનું શું કોઈ મૂલ્ય નહી? હું માનું છું કે આ અંગે ફરીથી વિચારણા થવી જોઈએ. યોગ્ય અને સાચી પ્રતિભાનું મૂલ્યાંકન માત્ર કાગળ ઉપરના મેરિટથી નહી પરંતુ એના સમગ્ર સાહિત્યિક વ્યક્તિત્વ અને જ્ઞાનથી થવું જોઈએ. જયારે સાહિત્ય અને શિક્ષણ સંદર્ભે એક આખી પેઢી ગેરમાર્ગે દોરાતી હોય ત્યારે તો મૌન રહેવું એ સર્જક ધર્મ અને રાજધર્મ તો નથી જ.

# ગુજરાતના જંગલોમાં સાત પ્રકારની જંગલી બિલાડીઓ જોવા મળે છે

## હરિયાળું હરણોધાન

- નટવર હેડાઉ

વનરાજીની ગીચતા વધે ત્યારે અનેક આશ્ચર્યો સર્જાતા હોય છે. રાતદિવસ પ્રકૃતિ ઉદ્યાન અને આસપાસના વિસ્તારને ધમરોળતા દીપડા માટે ઉજાગરા કરીને તેને ઝબ્બે કરવાની કવાયત ચાલતી હતી ત્યારે પ્રકૃતિ ઉદ્યાનના સ્ટાફ સાથે સ્વયંસેવી કાર્યકરો અને ફોટોગ્રાફરો પણ રાત્રી દરમિયાન સતત ફેરણું કરતા હતા તેમાં ઈર્શાદ ઠેબાની સાથે ફોટોગ્રાફર કિરણ અને ડૉ. જયેશભાઈ પણ આજે વાઈલ્ડ લાઈફ પાર્ક કીપર રસીકભાઈ સાથે જોડાયા હતા.

તેઓ પ્રકૃતિ શિક્ષણ શિબિર સ્થળથી નાના પક્ષીગૃહ પાસે તઈ કોઝ વે પસાર કરીને સહેજ આગળ આવ્યા અને હરણના પાંજરાઓની સામે ટ્યુબવેલની ઓરડી પાસેથી પસાર થઈ ઝરાક આગળ ગયા હશે ત્યાં ઝાડીમાં બે ચળકતી તગતગતી આંખો જોવા મળી.

ઈર્શાદે જયેશભાઈને કહ્યું ગાડી ઊભી રાખો કિરણને એમ થયું કે દીપડો લાગે છે તેણે પોતાનો કેમેરા તરત હાથમાં લઈ લીધો. અને જેમ એક સૈનિક દુશ્મન દળને જોતાં પોતાની રાઈફલને લોડેડ કરી સજ્જ થઈ જાય તેમ તે તૈયાર થઈ ગયો ત્યાં પાછળની સીટમાં બેઠેલાં રસીકભાઈએ કહ્યુ 'જૂઓ બિલાડી જેવું કોઈ પ્રાણી ગયું.'

બધાના શ્વાસ હેઠા બેઠા. ડૉ. જયેશની કારમાંથી નીચે ઊતરી ચારે જણ ટોર્ચ લઈ આજુબાજુ જોવા લાગ્યા. ચારે બાજુ અંધકાર છવાયેલો હતો. રાતનો સમય હોઈ પંખીઓ ઝંપીને સૂઈ ગયા હતા.

જયારથી દીપડો આ વિસ્તારમાં ફરતો થયો છે. ત્યારથી વાંદરા અને નીલગાયો કયાંક દૂર જતાં રહ્યાં હોય એમ લાગે છે. હા ટ્યુલબેલની બાજુમાં ભરેલા પાણીના ખાડામાં ભુંડ જેવું કંઈક હોય તેવું લાગતાં ટોર્ચનું અજવાળું ઈર્શાદે એ તરફ કરતાં પ્રકાશના શેરડામાં ખાડામાંથી ઉભું થઈ પોતાના શરીરને ખંખેરતું ભુંડ બહાર નીકળી ભાગ્યું. તમરાનો ધીમો ધીમો અવાજ આવતો હતો. દૂર કયાંક ચીબરીનો અવાજ આવ્યો. બાકી વાતાવરણમાં નિરવતા છવાયેલી હતી.

તે બધા ફરી કારમાં બેસવા જતા હતા ત્યાં કિરણની નજર પડી.

'અરે! ઈર્શાદ જો જો... પેલા ઝાડ પર બિલાડી બેઠી છે.'

ઈર્શાદ અને રસીકભાઈ નજીક આવી ઝાડ ઉપર બિલાડી કયાં બેઠી છે તે જોવાની કોશિશ કરવા લાગ્યા. ત્યાં કિરણે તેના કેમેરાથી ક્લીક કરી. ફલેશનો ઝબકારો થતાં બિલાડી આંખના પલકારામાં અદૃશ્ય થઈ ગઈ.

જયેશભાઈ કારમાંથી નીચે ઊતર્યા 'કયાં છે બિલાડી?'

'એ તો ગઈ' ઈર્શાદે કહ્યું.

'તમે ચિંતા ન કરો મેં ફોટો લીધો છે. તમને બિલાડી જોવા મળશે,' કિરણે કહ્યું.

'ઠીક છે બિલાડી જ હતી ને, દીપડો તો નહોૌત ને, પછી શું?'

'પણ એ બિલાડી કંઈક અલગ હતી.' રસીકભાઈએ કહ્યું.

'હા, મને પણ એવું લાગે છે.' ઈર્શાદે કહ્યું. તેઓ વાતો કરતાં કરતા કારમાં પાર્ક વોર્ડનની જૂની કચેરીની પાછળના ભાગે આવ્યા. નાળું વટાવીને થોડાંક આગળ વધ્યા હશે. ત્યાં મને મળી ગયા.

'આજે તો મળી ગયો.'

'કોણ? દીપડો.'

'ના ફોટો'

'કોનો ફોટો'

'બિલાડીનો' કિરણે કહ્યું.

'રસીકભાઈ શું વાત છે?' મેં પુછ્યું.

એ તો હરણની સામે ના ભાગમાં એક જુદા પ્રકારની બિલાડી જોવા મળી તેનો ફોટો પાડ્યો છે એની વાત છે.' રસીકભાઈએ ફોડ પાડ્યો.

'રસિકભાઈ તમે વારેવારે કરો છો કે જુદા પ્રકારની બિલાડી તો શું બિલાડીઓનાં પણ કોઈ પ્રકાર હોય છે.' ડૉ. જયેશે પુછ્યું.

'હાં, જયેશભાઈ, આપણા ગુજરાતના જંગલોમાં સાત પ્રકારની જંગલી બિલાડીઓ જોવા મળે છે.'

'તારા કેમેરામાં બતાવજે આ કઈ બિલાડી છે' મેં કિરણને કહ્યું.

તેણે કેમેરો કાઢ્યો. કેમેરાને ઓન કરતાં ચમકતાં સ્ક્રીન પર બિલાડીનો ફોટો દેખાયો. ડિજીટલ કેમેરાની આજ તો મજા છે. રસીકભાઈએ ધ્યાનથી બિલાડીનો ફોટો જોયા પછી કહ્યું, 'અરે આ તો કાટવર્ણી ટપકાંવાળી બિલાડી છે.'

'તે શું બિલાડીને વળી કાટ લાગી જતો હશે.' જયેશભાઈ એ કોમેન્ટ કરી.

'ના, પણ આ બિલાડીના બદામી રંગના શરીર પર સમાંતર હારબંધ કાટ જેવાં ટપકાં હોય છે.'

'હાં... હાં... બરાબર છે. જૂઓ તેની ચામડી ભૂખરા બદામી રંગની છે. તેની પીઠ પર કાટ જેવા કથ્થાઈ રંગના ટપકાં હરોળમાં ગોઠવાયેલાં દેખાય છે.' મેં ફોટામાં જોઈને કહ્યું.

'તેનો ચહેરો બરાબર જૂઓ તેના કપાળના ભાગે બે ઊભી કાળી કિનારીવાળી સફેદ રંગની પટ્ટી છે.' ઈર્શાદે અવલોકન કરતાં કહ્યું.

'અને આંખોની આસપાસ સફેદ રંગની રીંગ છે. તેના હોઠ, ગાલ અને પેટનો ભાગ સફેદ રંગનો છે.' રસીકભાઈ બોલ્યાં.

'ખરી વાત, પણ તેની પુંછડી પણ કોઈ નિશાની જોવા મળતી નથી.' જયેશભાઈ એ કહ્યું.

'પણ ફોટામાં પુંછડી દેખાય છે જ કયાં?' મેં કહ્યું બધા હસી પડ્યાં. જયેશભાઈ એ ચોખવટ કરી 'ભઈ તમે બધાએ બિલાડી જોયેલી ત્યારે મેં દૂરથી જોતાં મને તો ભાગતી બિલાડીની પુંછડી દેખાઈ ગયેલ તેથી મેં કહ્યું.'

'ખરેખર આ **Rusty spotted cat** એટલે કે કાટવર્ણી ટપકાંવાળી બિલાડી લાગે છે. જંગલોમાં આની વસ્તી બહુ ઓછી રહી ગઈ છે.' રસીકભાઈએ કહ્યું.

'આપણે ત્યાં આ કયાંથી આવી હશે?'

ગુજરાતમાં આમ તો તે દક્ષિણ ગુજરાત કે ગીરમાં જોવા મળે છે. પૂર્વ પટ્ટીના જંગલોમાં રતનમહાલ, જાંબુઘોડા અને છોટા ઉંદેપુરના કેવડી જંગલમાં જોયાનું સાંભળવા મળ્યું છે. બિલાડી કુળમાં સૌથી નાન કદની આ બિલાડી છે. આપણને તો એ બિલાડીનું બચ્ચું જ લાગે.'

'પણ આટલાં વર્ષોમાં તો આપણે તો કયારેક જોઈ નથી?' મેં કહ્યું.

'સાચી વાત છે. દિવસે આ બિલાડી ખાસ જોવા મળતી નથી. તે નિશાચર છે. રાત્રીના સમયે વૃક્ષો નથી તથા જમીન પર ફરીને તેનો ખોરાક શોધતી હોય છે.'

'તો તો... બીજી પણ બિલાડીઓ આટલામાં હોવી જોઈએ.'

'ના, એવું જરુરી નથી. સામાન્ય રીતે તે એકલી રહે છે. રાત્રીના સમયે જંગલ વિસ્તારમાં એકલવાયી ફરતી હોવાથી તે સરળતાથી જોવા મળતી નથી.' રસીકભાઈએ કહ્યું.

'તો પછી એ રહેતી કયાં હશે અને ખાતી શું હશે?' ફોટોગ્રાફર કિરણે પ્રશ્ન કર્યો.

'ખાસ કરીને જંગલના વૃક્ષોના પોલાણ, નાની બોડમાં કે પથ્થરોના પોલાણમાં એ રહેતી જોવા મળે છે. નાના પક્ષીઓ, તેનાં ઈંડા, જીવડાં અને સરિસૃપો તેનો મુખ્ય ખોરાક છે. હાં, જયાં પાણી ભરાઈ રહેતું હોય તેની કે નદી કિનારાના વિસ્તારમાં ખાસ જોવા મળે છે.' રસીકભાઈએ ચોખવટ કરી.

'પણ અહીં એ કયાંથી આવી હશે?' ડૉ. જયેશના મનમાં હજુ પ્રશ્ન ઘુમરાતો હતો તે તેમણે પુછી જ નાંખ્યો.

'આ બિલાડી ખૂબ ગીચ જંગલ વિસ્તારમાં રહેવાનું પસંદ કરતી નથી. ઝાડીવાળા, સુકા અને ખુલ્લા જંગલમાં તથા હવે માનવ વસાહતની આજુબાજુ પણ જોવા મળે છે. ભારતીય દ્વીપકલ્પથી થઈને રાજસ્થાન સુધીના બધા જ વિસ્તારોમાં જોવા મળે છે.'

'તો... તો... એ જરુર રાજસ્થાન બાજુથી જ આવી હોવી જોઈએ. સાબરકાંઠાના જંગલોમાં ફરતી ફરતી સાબરમતીને કિનારે કિનારે થઈને આવી હશે.' ડૉ. જયેશ અંદાજ લગાવ્યો. 'સારું એ જયાંથી આવી હોય ત્યાંથી આપણા પ્રકૃતિ ઉદ્યાનનું તો એ નવલું નજરાણું બની રહેશે.' મેં કહ્યું.

'સાચી વાત છે.'

'ઈર્શાદ તારે ખાસ ધ્યાન રાખવું પડશે. પક્ષીદર્શન દરમિયાન તને તો કયાંક ને કયાંક જોવા મળી જ જવાની, ખરું ને?' મેં કહ્યું.

'મને ખબર પડી કે આ ખાસ જાતની બિલાડી છે તેથી હવે હું ધ્યાનથી જોતા રહીશ. જો કે અગાઉ પણ મેં આવી બિલાડી. પુનિતવનના પાછળના ભાગે અને પૂર્વના અરણ્ય ઉદ્યાનમાં જોયેલી ખરી' ઈર્શાદે કહ્યું.

આ બધી વાતો ચાલતી હતી ત્યાં દૂર જરા ખડખડાટ થતાં બધાનું ધ્યાન એ તરફ દોરાયું. પણ જોયું તો એક નીલગાય ઝાડીમાંથી નીકળીને ભાગી.

# અલ્યા પ્રભુડા! તારી તો પીડા પણ હપ્તે હપ્તે આવે છે...

લંબાઇ, જાડાઇ, ગોળાઇ, પહોળાઇ - કબૂલ ખરબચડાશ ફિક્કાશ - કબૂલ પ્રકાશને અંધારુ કબૂલ પોલાણ છોલાણ તીખાશ - પોચાશ

અભાવ કે સ્વભાવ કબૂલ તે માથામાં માર્યું તે બધું જ કબૂલ... કબૂલ શું નથી કર્યું?
તારી ઉદાસતાના ડોળ ન નભાવ્યો...
તારી નિચંતા વેડાને હા જી હા કરી
તે ઇચ્છયો તેવો પીડાગ્રસ્તતાનો મેં દેખાવ કર્યો...
ને તું મારી તિતિક્ષાની સીમા વળોટી ગયો...
તો સાંભળ - હવે હું ચૂપ નહિ રહું - ગાળી ગલોચ કરીશ
તું પીડાં જેવી પીડા પણ જોખીને આપે છે...
ધીમું ઝેર? મને? હું નહીં મરું...
પીડાનો ટુકડો ફેંકી તું મને છેતરી નહીં શકે...
બદમાશ હું મારો હક્ક માગું છું હક્ક...
લાવ, મારી જલદ અને ભરચક પીડા... લાવ
મારી અસંખ્ય અને અખૂટ પીડા...
હવે ઇશ્વરત્વ સમાંતરની પીડા સિવાય હું રીઝું તેમ નથી...
લાવ મારી અનંત પીડા મને આપી દે...

- રમેશ પારેખ

## વિચારયાત્રા

- ડો. જય વસાવડા

રમેશ પારેખ છ અક્ષરનું નામ જેવા મર્મજ્ઞ અને આખાબોલા સાચા સરળ કવિ આજે આપણી વચ્ચે નથી... તે સાલુ કઠે છે... ઉપરની કવિતા વાંચીને થાય કે કેટલી પ્રેક્ટિકલ વાત ચોટદાર શબ્દો દ્વારા રજૂ કરી દીધી છે.

પૃથ્વીની ઉત્પત્તિના વૈજ્ઞાનિક દાવાઓ નકારી કાઢીને, મનુષ્ય પ્રજોત્પત્તિની જૈવિક વૈજ્ઞાનિક કડીને અવગણીને આ સમગ્ર દુનિયામાં ઇશ્વરની સર્વોપરિતાને માથે ચડાવીને ભગવાનને ઉચ્ચ કોટિમાં મૂકી દઇને આપણે માત્ર તેના ચલાવ્યા જ ચાલે રાખીએ છીએ... આપણી દરેક વ્યાધિ ઇશ્વર ઇચ્છા સ્વીકારીને સહે રાખીએ છીએ...

'વહાં દેર હૈ અંધેર નહીં' નો રાગ આલાપતા આલાપતા માત્ર તેના જ ગુણગાન ગાયે રાખીએ છીએ...

કેટલાક શારીરિક, માનસિક, આર્થિક કષ્ટો વેઠતા ઇશ્વરની દોહ્યલી માનતાઓ પૂરી કરવામાં, ઇશ્વરની સર્વોપરિતા માનવામાં અને મનાવવામાં જ જીવન વેંઠારતા રહીએ છીએ...

અને ઇશ્વર પણ આપણી મજાક ઉડાવતો હોય તેમ આપણને 'બિચારા - બાપડા' પરિસ્થિતિના દાસ બનાવી રાખવાની વિકૃત મજા લેતો હોય તેવું લાગે છે. કદાચ એ એવું માનતો હોય સમજતો હોય કે પોતાની માર્કેટ વેલ્યુ ટકાવી રાખવા માટે તેની માટે મગતરા સમાન માણસોને દુઃખની અને પીડાની એક એવી શૃંખલા સાથે બાંધી દેવો કે ( ) આપણી પાસે તેને શરણે જવા સિવાય કોઇ ચારો જ નથી રહે તો...

મનુષ્યના જીવનમાં સમયે સમયે એવા કારમા ઘા ફટકારતો રહે છે કે એક જખમને રુઝ આવે ન આવે ત્યાં બીજો તાજો જખમ ઊભો જ હોય. કોલૂના બેલની જેમ આપણે આ જિંદગીની દડમજલમાંથી ઊંચા ન જ આવીએ એવો ખતરનાક મનસૂબો ઉપરવાળાના દિમાગમાં ચાલતો રહે છે.

ઇશ્વરલાલ પણ પીડા કે જખમ એક ઝાટકે આપીને આપણું એકાઉન્ટ સેટલ નથી કરતો... પરંતુ મુદ્દલ પરના વ્યાજ અને ચક્રવૃદ્ધિ વ્યાજ ચડાવતા રહેતા વ્યાજખોર લુચ્ચા શાહુકારની જેમ ઘા પર મીઠું ભભરાવીને ટીંચર રેડીને આપણા સીસકારાની મજા માણતો રહે છે.

એક ઘાને બે કટકા જેવો ખેલ હોય તો હમણાં દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જાય... અને માટે જ લાગે છે કે ઉપર પણ લોકપાલ બિલનું અરજન્ટ જરુર છે. માર્ચ એન્ડિંગમાં આંકડાઓ સેટલ કરવા માટે યમરાજના ઇશારે કયાંક સુનામી તો કયાંક ભૂકંપમાં લાખો જીવ ઓહિયા કરી જનારો ઇશ્વર ઓડકાર પણ નથી કરતો. કયાંક બૉંબ બ્લાસ્ટ, ગમખ્વાર અકસ્માતોની હારમાળા સર્જીને ઇશ્વરના નામની એવી દહેશત ફેલાવી છે કે શનિવાર, સોમવાર, ગુરુવાર ભક્તોનું મંદિર બમ્પર ઓપનિંગ મળી રહે છે.

'ભગવાન તો બધાનો છે -' આ વાત પણ મન મનાવવા જેવી છે, દેશના ધનાઢ્ય મંદિરોમાં પૈસા આપીને. ભગવાનના દર્શન કરવાની બોલી લાગે છે. આ વાત વળી કોક ભગત મહારાજ બોલશે. 'આ તો બધી માનવીએ ઊભી કરેલી માયા છે.' તો તેમને જણાવવાનું કે મનુષ્યને બનાવનાર તો ઇશ્વર જ છે ને! ઇશ્વર સર્વત્ર વ્યાપ્ત હોય તો મનુષ્ય જ છે ને! ઇશ્વર સર્વત્ર વ્યાપ્ત હોય તો મનુષ્યના દિલ દિમાગ પણ પણ તેનો જ અખ્તિયાર છે!

બ્લાસ્ટમાં મરનારા લોકોમાં વીઆઇપી શેઠિયા ઓછા અને મારા તમારા જેવા સામાન્ય લોકો વધુ મરે છે એક માત્ર કમાઉ દીકરો કે બાપ ચાલ્યો જવાથી પાછળ આખો પરિવાર મરવાના વાંકે દિવસો ગુજારે છે.

અને રોજ મોત કયારે આવે તેની રાહ જુએ છે...

ધીમે ધીમે ઇન્સ્ટોમેન્ટમાં દુઃખના ઝાટકા આપે રાખીને ઇશ્વરે માઝા મૂકી દીધી હોય પછી, માનવી કંટાળીને ઇશ્વર સાથે તકાદો કરે છે કે હવે તો આરપારની લડાઇ લડી લે... એક સામટી એટલી પીડા અને દુઃખથી ભરી દે કે, ત્યારબાદ મનુષ્યના પાત્રમાં બીજું દુઃખ સમાવાની જગ્યા જ ન બચે...